**નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી, ભાવનગર વન વિભાગ, ભાવનગર**

બહુમાળી ભવન એનેક્ષી બિલ્ડીંગ, એફ-૯/૧૦, ભાવનગર ફોન નં. ૦૨૭૮-૨૪૨૮૬૪૪

Email : forestnormalbvnd@gmail.com

સત્યમેવ જયતે

---

ક્રમાંક:- બ/જમન/ટે-૧૧/૯૯૯૨/૨૦૨૨-૨૩ તા:- ૨૪/૨/૨૦૨૩

પ્રતિ,

કાર્યપાલક ઈજનેરશ્રી,

ક્ષાર અંકુશ વિભાગ,

ભાવનગર

વિષય:- **Proposal for Diversion of 598.2427 Ha. Forest land for methala Bandhara Irrigation Project near Village Methala in Talaja Taluka in Bhavnagar District of Gujarat State. Online Proposal No.FP/GJ/IRRIG/44298/2020 Reg.**

સંદર્ભ:
(૧) ભારત સરકારશ્રીના પત્રાંક:- 8-06-2021-FC, Dt.24/12/2021
(૨) અત્રેના પત્રાંક:- **A/JMN/T.11/151-52, Dt.07/05/2022**
(3) મુખ્ય વન સંરક્ષકશ્રીના પત્રાંક:- અ/જમન/૬૮૪/ટે.૧૨/૧૧૪૩, તા.૧૮/૦૫/૨૦૨૨
(૪) અત્રેના પત્રાંક:- અ/જમન/ટે.૧૧/૩૨૦, તા.૦૮/૦૬/૨૦૨૨
(૫) મુખ્ય વન સંરક્ષકશ્રીના પત્રાંક:- અ/જમન/૬૮૪/ટે.૧૨/૧૮૫૯, તા.૧૭/૦૬/૨૦૨૨
(૬) આપના પત્રાંક:- પીબી/મેથળાબંધારા/એફસીએ/૮૭, તા.૦૯/૦૨/૨૦૨૩
(૭) પરીક્ષેત્ર વન અધિકારીશ્રી, વલ્લભીપુરના પત્રાંક:- અ/વપસ/૫૧૨/૨૦૨૨-૨૩, તા.૨૦/૦૨/૨૦૨૩

સવિનય ઉપરોક્ત વિષય અને સંદર્ભપત્રો અન્વયે જણાવવાનું કે, આપના દ્વારા વન સંરક્ષણ ધારા-૧૯૮૦ અન્વયે દરખાસ્ત અત્રેને રજુ કરવામાં આવેલ હતી. સદર દરખાસ્ત પ્રોપરથ્રુચેનલ ભારત સરકારશ્રીને સાદર કરવામાં આવેલ. ભારત સરકારશ્રી દ્વારા સંદર્ભ-૧ વાળા પત્રથી આ દરખાસ્ત અન્વયે પુર્તતા માંગવામાં આવેલ. જેના અનુસંધાને અત્રેથી સંદર્ભ-૨ વાળા પત્રથી પુર્તતા મુખ્ય વન સંરક્ષકશ્રીને સાદર કરવામાં આવેલ.

અત્રેના સંદર્ભ-૨ વાળા પત્રથી કરવામાં આવેલ પુર્તતા અન્વયે સંદર્ભ-૩ વાળા પત્રથી માંગવામાં આવતા સંદર્ભ-૪ વાળા પત્રથી જરૂરી પુર્તતા સાદર કરવામાં આવેલ સદર પુર્તતા સાદર કરતા સંદર્ભ-૫ થી બિનજંગલ જમીન વનીકરણ માટે લાયક છે તે અંગેનું પ્રમાણપત્ર માંગવામાં આવેલ છે.

આપના દ્વારા અગાઉ વળતર વનીકરણ માટે જે બિનજંગલ જમીન સુચવામાં આવેલ તે જમીનમાં દબાણ તથા તળાવો આવેલ હોય ભારત સરકારશ્રી દ્વારા તમામ દબાણો અને ભારણો મુક્ત બિનજંગલ જમીન સુચવવા માટે સંદર્ભ-૧ થી જણાવવામાં આવેલ છે. જેના અનુસંધાને દબાણવાળી જમીન બાદ રાખી બાકીની દબાણમુક્ત જમીનની માપણી આપના દ્વારા કરાવી પરીક્ષેત્ર વન અધિકારીશ્રી અને તેઓના સ્ટાફને સ્થળપર સુચિત બિનજંગલ જમીનની હદ બતાવવામાં આવેલ છે. આપના તથા

ડિ.આઈ.એલ.આર. દ્વારા જે જમીન બતાવવામાં આવેલ છે. તે જમીનની અંદરના ભાગમાં પરીક્ષેત્ર વન અધિકારીશ્રી, વલ્લભીપુર દ્વારા વળતર વનીકરણ માટે લાયક હોવા અંગેની ચકાસણી કરી સંદર્ભ-૭ વાળા પત્રથી અહેવાલ સાદર કરવામાં આવેલ છે. સદરહું અહેવાલ મુજબ ભારત સરકારશ્રી દ્વારા માંગવામાં આવેલ પુર્તતા સંતોષાય તેવો માત્ર ૨૫૦ હે. વિસ્તાર ઉપલબ્ધ થાય છે(નકશાની નકલ સામેલ છે.) જેથી ડાયવર્ઝન થતા ૫૯૮.૨૪૨૭ હે. વિસ્તાર સામે વળતર વનીકરણ માટે ઉપયોગમાં લઈ શકાય તેવી બિનજંગલ જમીન ૨૫૦ હે. ઉપલબ્ધ થઈ શકે તેમ હોય બાકીની હે.૩૪૮.૨૪૨૭ બિનજંગલ જમીન આપના દ્વારા સુચિત કરવાની રહે છે.

આમ ઉપરોક્ત તમામ બાબતો ધ્યાને લેતા આપના દ્વારા મોજે.મોણપુરની સુચવવામાં આવેલ બિનજંગલ જમીનના નકશામાં તેમજ સંલગ્ન વિગતોમાં સુધારો કરી અત્રેને મોકલી આપવા તેમજ ખુટતી ૩૪૮.૨૪૨૭ હે. જમીન અન્ય સ્થળે પસંદ કરી અત્રેને જણાવવા વિનંતી છે. જેથી સુચિત જમીનની સ્થળ તપાસ કરી પુર્તતા ઉપલીસત્તાએ સાદર કરી શકાય.

આપના તા.૧૨/૧૨/૨૦૨૨ ના પત્રથી અત્રેને મોકલવામાં આવેલ નકશાઓ તેમજ સંલગ્ન વિગતોની એક નકલ રેકર્ડમાટે રાખી બાકીની નકલો ઉપરોક્ત વિગતે સુધારો કરવા માટે આ સાથે સામેલ રાખી પરત મોકલવામાં આવે છે. જેની જાણ થવા વિનંતી છે.

બિડાણ:- ઉપર મુજબ

નાયબ વન સંરક્ષક
ભાવનગર વન વિભાગ
ભાવનગર


Village :- Monpur
Legend
Proposed CA Area
Suitable area for Compensatory Afforestation
Google Earth